ડાર્ક ફિલ્મપટ્ટીવાળી ફરતી કાર ડિટેઈન કરવાની ઝુંબેશ શરૂ

બે કલાકમાં ૪૩ કારની ફિલ્મ પટ્ટી ઉતારીને ૩૬ કાર ડીટેઈન કરાઈ : પાંચ હજાર દંડની વસુલાત

ગાંધીનગર, તા. ૨૯

કોર્ટની ગાઈડલાઈન મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની સુચનાથી આજે પાટનગરના માર્ગો પર બ્લેક ફિલ્મપટ્ટી વાળી ફરતી કારમાંથી ફિલ્મ પટ્ટી ઉતારી દંડ ફટકારવાની તથા કાર ડિટેઈન કરવાની ઝુંબેશ જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા સ્થાનિક પોલીસ, મહિલા પોલીસ તથા હેડક્વાર્ટર પોલીસની મદદથી હાથ ધરવામાં આવી હતી. જેમાં બે કલાકમાં ૪૩ કારમાંથી કાલી ફિલ્મપટ્ટી ઉતારવામાં આવી હતી તે ઉપરાંત ૩૬ ગાડીઓ ડીટેઈન કરી પાંચ હજારનો દંડ નિયમોનું ઉલ્લંઘન કરતાં કારચાલકો પાસેથી વસુલવામાં આવ્યો હતો.

બ્લેક ફિલ્મપટ્ટી વાળી કાર ચલાવતા કારચાલકોને દંડ ફટકારી ફિલ્મ પટ્ટી ઉતારવાની તથા આવી કાર ડીટેઈન કરવાની ઝુંબેશ જિલ્લા પોલીસ અધિક્ષક શરદ સિંગલની સુચનાથી આજે પુનઃ શરૂ કરવામાં આવી હતી. કડી સંકુલની બહાર ઘ-૬ પાસે મુખ્ય માર્ગ પર પોલીસની ટુકડીઓ આજે આ કામગીરીમાં લાગી ગઈ હતી. એક પછી એક ૪૩ ગાડીઓમાંથી ડાર્ક ફિલ્મ પોલીસે ઉભા ઉભા કઢાવડાવી મુકી હતી તે ઉપરાંત ૩૬ ગાડીઓને પોલીસે ડીટેઈન કરીને વાહનચાલકો પાસેથી રૂ. ૫ હજારનો દંડ વસુલવામાં આવ્યો હતો. આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે તેમ ટ્રાફીક પી.આઈ. દ્વારા જણાવવામાં આવ્યું હતું.

ડાર્ક ફિલ્મ પર ઘોંસ બોલાવતી પોલીસ પર વગદાર વાહનચાલકોની ઘોંસ...!

ડાર્કફિલ્મ પટ્ટી હટાવવાની પોલીસે હાથ ધરેલી ઝુંબેશ દરમ્યાન પોલીસ પર વગદાર વાહનચાલકોએ નિયમ તોડ્યા બાદ પણ રોફ જાડીને ઘોંસ બોલાવી હતી. અમે થોડા કાળા કાચમાં ગુના કરવાના છીએ? તુ મને ઓળખે છે? અમારા ક્યાં કાળા કાચ છે? સાહેબ, ભુલથી રહી ગયા હશે તોય પાવતી આપવી હોય તો આપો પછી કહેતા નહી કે મારી બદલી કેમ થઈ ગઈ? ઉપરોક્ત વાક્યો સંભળાવી પોલીસ પર રોફ જમાવવાના પ્રયત્નો વગદાર વાહનચાલકો દ્વારા કરવામાં આવ્યા હતા પરંતુ અધિકારીઓની મળેલી સુચના મુજબ પોલીસે રાજકીય આગેવાનોને પણ દંડ ફટકારવામાં છોડ્યા ન હતા.

ખોરજબ્રીજ પર લકઝરી બસની ટક્કરે બાઈક સવારનું કરૂણ મોત

બે સહકર્મીઓ બાઈક પર નોકરી જઈ રહ્યા હતા : રસ્તા પર પટકાયેલા યુવાન પર લકઝરીનું ટાયર ફરી વળ્યું : લકઝરી લઈ ચાલક ફરાર

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદથી ગત મોડી સાંજે બાઈક પર બે મિત્રો કલોલની છત્રાલ જી.આઈ.ડી.સી. નોકરી અર્થે જઈ રહ્યા હતા તે દરમ્યાન ગાંધીનગર સરખેજ હાઈવે પર ખોરજ બ્રીજ પાસે એક અજાણી લકઝરીના ચાલકે બાઈકને અડફેટે લઈ લેતા બન્ને મિત્રો પુલ પર ફંગોળાઈ પટકાયા હતા. જેમાં રસ્તા વચ્ચે પછડાયેલા બાઈક સવાર યુવાન પરથી લકઝરીનું ટાયર ફરી વળતાં ચગદાઈ ગયેલા યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. અડાલજ પોલીસે સહકર્મી યુવાનની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી અકસ્માત સર્જીને લકઝરી સાથે ફરાર થઈ ગયેલા ચાલકની શોધખોળ સરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલી છત્રાલ જી.આઈ.ડી.સી.માં નોકરી કરતાં ઘનશ્યામભાઈ દલસુખભાઈ પટેલ તથા તેમની સાથે નોકરી કરતાં સહકર્મી જગન્નાથ પ્રધાન ગઈકાલે અમદાવાદથી બાઈક નં. જીજે-૧૮-એ-એલ-૩૧૮૬ પર બેસીને ડબલ સવારી નોકરી માટે કલોલની છત્રાલ જી.આઈ.ડી.સી. જવા નીકળ્યા હતા. એસ.જી. હાઈવે પરથી બન્ને બાઈક પર સવાર સહકર્મીઓ પૈકી ઘનશ્યામભાઈ બાઈક ચલાવી રહ્યા હતા અને જગન્નાથ પ્રધાન પાછળ બેઠા હતા. તેઓ ખોરજ બ્રીજ પાસે પહોંચ્યા ત્યારે અચાનક બેફામ ગતિએ માંતેલા સાંઢ માફક આવી ચઢેલી એક લકઝરીના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક સાથે બન્ને સહકર્મીઓ રસ્તા પર પટકાયા હતા. જેમાં જગન્નાથ પ્રધાન પરથી લકઝરીનું ટાયર ફરી વળતા તેનું સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક ઘનશ્યામભાઈને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જીને લકઝરી લઈ ચાલક પલાયન થઈ ગયો હતો. ઘનશ્યામભાઈની ફરીયાદને આધારે અડાલજ પોલીસમથકના પી.એસ.આઈ. આઈ.ડી. રાઠોડે ગુનો નોંધી ફરાર થઈ ગયેલા અજાણી લકઝરીના ચાલકને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

આગામી બજેટમાં કરમાં રાહત આપવા મહામંડળની રજૂઆત

પહેલા કામ પછી દામની નીતિ અપનાવવા શહેર વસાહત મહામંડળે પત્ર લખ્યો

ગાંધીનગર, તા. ૨૯

મહાનગરપાલિકાના આગામી બજેટમાં પહેલા કામ પછી દામની નીતિને ધ્યાનમાં રાખી આડેધડ વેરો ન વસુલવા તેમજ પ્રજાલક્ષી સુવિધાના કામો હાથ ધરવા મહામંડળે રજૂઆત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે મહાનગરપાલિકાના કમિશનર પડાલીયા તેમજ મેયરને લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર મહાનગરપાલિકાનું આગામી બીજુ અંદાજપત્ર રજૂ થવાની તૈયારીમાં છે. ત્યારે ગતવર્ષની માફક નાગરિકો પાસેથી આડેધડ વેરો વસુલવામાં ન આવે તેમજ પહેલા કામ પછી દામની નીતિ ધ્યાનમાં રાખવામાં આવે તેમ પણ જણાવાયું છે. આ ઉપરાંત શહેરમાં ૬૦ ટકા સરકારી અને ૪૦ ટકા ખાનગી મિલકતો છે. આવા સંજોગોમાં કર માળખા મુજબ ૪૦ ટકા પર સમગ્ર શહેરનું કરભારણ લાદી અન્યાય કર્યો છે. ત્યારે ૬૦ ટકા હીસ્સો સરકાર પર લાદવા માંગણી કરી છે. મેગાસીટી કરતા પણ વધુ આકારણી કરી મિલ્કતધારકોને અન્યાય કર્યો છે. જેને આગામી બજેટમાં સેટરાઈટ કરવાની તક ઝડપી લેવા પણ જણાવાયું છે. આ ઉપરાંત શહેરમાં કચરાના ઢગ ખડકાયેલા છે. ત્યારે સફાઈવેરો લેવાનું બંધ કરી અંદાજપત્રમાં નાગરિકોને રાહત આપવા અને સુવિધામાં વધારો કરવા પણ મહામંડળના સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, મયુર વ્યાસ, સી.પી. સોની અને દિનેસસિંહ ચાવડાએ રજૂઆત કરી છે.

એરપોર્ટ સ્કૂલનો ૩૧મીએ વાર્ષિકોત્સવ

સરદારનગર એરપોર્ટ કોલોની ખાતે આવેલી એરપોર્ટ સ્કૂલના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આવતીકાલે તા. ૩૧મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭માં આવેલા ટાઉનહોલ ખાતે શાળાનો વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવશે. એરપોર્ટ સ્કૂલના વાર્ષિકોત્સવમાં મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ, વાલીગણ, શિક્ષકો અને મહેમાનો ખાસ ઉપસ્થિત રહેશે.

આજે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં કપિલ જન્મોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના નારદીપુર ગામે તાજેતરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગવત સપ્તાહ અંતર્ગત આજે બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન કપિલ જન્મોત્સવ ઉજવવામાં આવશે. શ્રી લંબેનારાયણ આશ્રમ, નારદીપુર ખાતે યોજાયેલી ભાગવત સપ્તાહમાં કર્ણવભાઈ જોષી શ્રોતાજનોને કથા શ્રવણ કરાવશે.

ગાંધીનગરની અંધશાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૯

સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, અમદાવાદ સંચાલિત અંધશાળા, ગાંધીનગરમાં તાજેતરમાં 'રમશે ગુજરાત જીતશે ગુજરાત' અંતર્ગત અંધ વિદ્યાર્થીઓ અને વયસ્કોની સ્પર્ધાઓ યોજાઈ હતી. સ્પર્ધામાં ગાંધીનગર અંધશાળાના વિદ્યાર્થી ખેલાડીઓએ ૨૬ જેટલા ઈનામો જીતી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

ગાંધીનગર જિલ્લાના ૧૩૩ જેટલા સ્પર્ધકોએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. ૧૦૦મી દોડ, ૨૦૦મી દોડ, લાંબીકૂદ, ચક્રફેંક, બરછી ફેંક, ગોળાફેંક અને ચેસ જેવી રમતોમાં અંધ વિદ્યાર્થી અને વયસ્કોના ૧૩૩ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. એના લગભગ ૭૦ ઈનામોનો ફેંસલો થયો હતો. અંધશાળાના ફાળે જે તે રમતમાં ૨૬ જેટલા ઈનામો આવ્યા હતા. એમ સંસ્થાના માનદ્ મંત્રી રહેમાનભાઈ અંસારીએ જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા મહિલા સુરક્ષા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા તાજેતરમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલ, સેકટર-૭માં મહિલા સુરક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા સુરક્ષા કાર્યક્રમમાં આમંત્રિત વક્તાઓ દ્વારા સ્વ બચાવ, સ્વ રક્ષણ અને મહિલાઓની સલામતી માટેના કાયદા વગેરેની માહિતી આપવામાં આવી હતી.

મહિલા સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલ શાળાની બહેનોને વિશેષ માહિતી આપી મહિલા સુરક્ષા માટેના કાયદા વગેરેની સમજૂતી આપવામાં આવી હતી આ પ્રસંગે મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુકલે સ્વાગત પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતા. મહેમાન તરીકે ગાંધીનગર મહિલા પી.એસ.આઈ. મિનાક્ષીબેન પટેલ તેમજ એડવોકેટ ક્ષમાબેન ચૌહાણ, પ્રદેશ મહિલા મોરચાના મંત્રી અરૂણાબેન ચૌધરી, મહાનગરના અધ્યક્ષ રૂચિર ભટ્ટ, કોર્પોરેટર બહેનો, સંગઠનની હોદ્દેદાર બહેનો અને કર્મચારી ગણ, વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય બાબુભાઈ ચૌધરીનો જરુરી સહકાર મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મણિબેન દેસાઈએ સફળતાપૂર્વક કર્યું હતું.

લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૬માં આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, લાયન્સ પ્રમુખ અનિલ જયસિંગાની, સેક્રેટરી લાયન નયન મધુકર, લીઓ સોનક દવે અને પૂર્વ પ્રમુખ લાયન શિરિષભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રજાસત્તાક પર્વ વિશે બાળકોને માહિતગાર કરી ધ્વજવંદન કરાવ્યું હતું.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશનની કારોબારી મીટીંગ સંપન્ન

ગાંધીનગર, તા.૨૯

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં મહામંત્રી મુળજીભાઈ પરમાર દ્વારા કારોબારીની કાર્યવાહીનું અવલોકન અહેવાલ મુદ્દાસર ચર્ચા કરીને રજૂ કર્યો હતો. મુક્તિધામ ખાતે મૂર્તિઓ મુકવા અંગેની પરિસ્થિતિનો અહેવાલ આપ્યો હતો. નાણાંમંત્રી નિતીનભાઈ પટેલ અને સમાજકલ્યાણ ખાતાના મંત્રી રમણભાઈ વોરા મુખ્યમંત્રી સમક્ષ ખાસ અંગભૂત યોજનાના સુચનાઓ અમલ માટે રૂબરૂ મુલાકાત ગોઠવવાનું નક્કી થયું હતું. શિક્ષણના કથળતા સ્તર બાબતે રાજકોટના બનાવ અંગે, ચર્ચા કરવામાં આવી હતી.

બાસણ ગામે શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં નેશનલ મેડીકો ઓર્ગેનાઈઝેશન અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજે શહેરમાં સમાવિષ્ટ બાસણ પ્રાથમિક શાળામાં બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં સ્વૈચ્છીક મેડીકલ ઓર્ગેનાઈઝેશન દ્વારા પ્રથમવાર આવી ભાગીદારી કરવામાં આવી છે. જે ખુબ જ શરાહનીય છે.

ગાંધીનગર નજીક આવેલ બાસણ ગામે ગતરોજ પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકોની આરોગ્યની ચકાસણી મ્યુનિસિપલ કોર્પોરેશન અને નેશનલ મેડીકો સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. બાસણ ગામમાં કુલ ૪૫૫ બાળકોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૭૭ બાળકો ખામીવાળા મળી આવ્યા હતા. જેમાં મુખ્યત્વે પાંડુરોગ ૪૩ અને આંત્રકૃમિ ૩૧ની ખામી જોવા મળી હતી. સંદર્ભ સેવાપાત્ર કુલ ૪ બાળકો મળી આવ્યા હતા જેમાં બે બોલવાની તકલીફના, એક બાળક અતિકુપોષિત તેમજ એક હૃદયની તકલીફ વાળુ મળી આવેલ હતું. નેશનલ મેડીકો ઓર્ગેનાઈઝેશન સેક્રેટરી ડૉ. અમૃતભાઈ પ્રજાપતિ તથા ડૉ. ગીરીશ મકવાણાએ કાર્યક્રમની શરૂઆતમાં બાળકોને આરોગ્યને લગતી માહિતી પુરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક મનીષ પટેલે કર્યું હતું. અને તમામ શિક્ષકો ઉત્સાહભેર કાર્યક્રમમાં જોડાયા હતા.

ગાંધીનગરના ડીવાઈન વિઝન ગ્રૂપનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૨ ખાતે આવેલા ગાંધીનગર ડીવાઈન વિઝન ગ્રૂપ દ્વારા બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો હતો. ચેસ રમતમાં રુદ્ર પાઠક અને ૧૨ વર્ષની ઉંમરમાં ઉપ કરતા વધુ પ્રમાણપત્રો મેળવનાર આયુષ નટુભાઈ પ્રજાપતિએ નવિન પ્રકારની રમતો બતાવી બાળકોમાં ઉત્સુકતાનો માહોલ સર્જ્યો હતો. ચેસની રમત માટે ફકત ૧૧ વર્ષની વયે લીટલ માસ્ટર તરીકે નામના મેળવનાર ગાંધીનગરના સે-૨૨ના રુદ્ર પાઠકને સ્કૂલ લેવલથી શરુ કરી હાલના ખેલમહાકુંભ ૨૦૧૩ સુધીમાં તેણે મેળવેલ અવિરત અને વિશિષ્ટ સિધ્ધિઓ બદલ નાની મગોડી ગામની પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ કિરીટભાઈ પટેલના વરદ હસ્તે શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યો હતો અને ૧૨ વર્ષની વયે ૩૫ કરતા વધારે પ્રમાણપત્રો અને એવોર્ડ હાંસલ કરનાર આયુષ ડી. ચૌહાણને વાઈસ પ્રિન્સીપાલ શ્રીમતી કૈલાસબેન કે. પટેલના વરદ હસ્તે શિલ્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ડિવાઈન વિઝન દ્વારા અવાર નવાર આવા કાર્યક્રમો યોજવા પાછળનો મુખ્ય હેતુ સમજાવી સંસ્થાના પ્રમુખ જયદીપભાઈ બી.જોષીએ બાળકોના સર્વાંગી વિકાસમાં વાલીઓને પૂરતું યોગદાન અને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા શ્રીમતી મીનાબહેન કે. ભોજે કર્યું હતું અને શિક્ષિકા શ્રીમતી પન્નાબહેન કે.

ચૌહાણને શાળાના આચાર્ય અને ઉપાચાર્ય દ્વારા શિલ્ડ એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરના ડિવાઈન વિઝન ગ્રૂપ દ્વારા સેકટર-૨૨ ખાતે અનોખો સાંસ્કૃતિક કાર્યક્રમ અને સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં ૬૦ જેટલા બાળકોએ તેમના વાલીઓ સાથે ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ વિષયની કૃતિઓ રજૂ કરી સૌનું મનોરંજન કર્યું હતું. શિક્ષક પટેલ દ્વારા તમામ ૬૦ બાળકોને પ્રોત્સાહન ઈનામનું વિતરણ કરાયું હતું. અંતમાં ભરપેટ પાણી-પુરીના આસ્વાદ સાથેની આ બાળ ઉજવણીને સફળ બનાવવા ડિવાઈન વિઝનના અગ્રણી શ્રીમતી રચનાબેન જોષી અને ગ્રુપ લીડર યશ ભોજના માર્ગદર્શન હેઠળ ચિંતન રાણા, પાર્થ, શ્લોકા સથવારા, પર્વ મિસ્ત્રી, જય અને જૈનિક ત્રિવેદીએ અથાગ મહેનત કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૨૮

તાપમાન

મહત્તમ : ૨૮.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૪ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રેસ-૨: ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ઈન્કાર : ૬.૪૫

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૧૦.૦૦, ૯.૩૦
આકાશ વાની : ૧૨.૪૫, ૬.૦૦
મેં ક્રિશ્ના હું : ૩.૩૦

: સ્ક્રીન-૪ :
મેં ક્રિશ્ના હું : ૩.૦૦
આકાશ વાની : ૧૨.૩૦
રેસ-૨ : ૬.૧૫, ૯.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
આકાશ વાની : ૧૦.૩૦, ૬.૩૦
ઈન્કાર : ૧.૩૦
રેસ-૨ : ૯.૩૦

: સ્ક્રીન-૨ :
રેસ-૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રેસ-૨ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
રેસ-૨ :૮.૦૦, ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સૂર્યા, વાવોલ

રેસ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઘાયલ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રેસ-૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
રેસ-૨ :૧૧.૧૫, ૨.૧૫
મેં ક્રિશ્ના હું : ૫.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
મેં ક્રિશ્ના હું : ૧૦.૩૦
આકાશ વાની : ૧.૦૦, ૯.૪૫
રેસ-૨ : ૩.૩૦, ૬.૩૦

ચિરાગ, કલોલ

રેસ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા સવારે ૯.૪૫ કલાકે ગાંધી નિર્વાણદિન તથા શહિદ દિન સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

સામાજિક

- બ્રહ્મ સમાજ મહિલા પાંખ,જયોતિ મહિલા મંડળ અને માનવ સેવા મંડળના સંયુકત ઉપક્રમે ગાંધી નિર્વાણ દિન તથા શહીદ દિન નિમિત્તે ગાંધીકથાનું આયોજન સેકટર-૬ ચંદ્રમોલેશ્વર મંદિર ખાત બપોરે ૩.૩૦ કલાકે યોજાશે.

આપની આજ

મેષ : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

વૃષભ : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

મિથુન : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

કન્યા : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

તુલા : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

મીન : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. પ્રભુદાસ કાળીદાસ પ્રજાપતિ (ઉ.વ. ૭૯) પ્લોટ નં. ૧૨૭/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. નાથાજી સોમાજી મકવાણા (ઉ.વ. ૭૦) મુ.પો. વજાપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નવલસિંહ કુબેરસિંહ ઝાલા(ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૧૫/૨, સેકટર-૨૬, ગાંધીનગર.